પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯ | ૨૧ માર્ચ, ૨૦૨૨, સોમવાર; ફાગણ વદ - ૩/૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સાવધાન - દેશમાં હજુ મોંઘવારી વધશે

## દૈનિક જરૂરી ચીજોના ભાવ ૧૦-૧૫% વધશે : એચયુએલ અને નેસ્લે જેવી કંપનીઓએ ભાવ વધારી દીધા છે : ક્રૂડ ઓઈલ, તમામ પ્રકારના ખાદ્યતેલ, અનાજના ભાવ વધી ગયા હોવાથી એફએમસીજી કંપનીઓ ભાવવધારો કરશે



નવી દિલ્હી, તા.૨૦

રશિયા - યુક્રેન યુદ્ધના કારણે દરેક કોમોડિટીના ભાવ વધી જ ગયા છે. હજુ પણ આવશ્યક કોમોડિટી મોંઘી થઈ રહી હોવાથી ફ્લ્સ્ઝ્ર્ય કંપનીઓએ ટૂંક સમયમાં ૧૦થી ૧૫ ટકા ભાવવધારો કરવાનો નિર્ણય લીધો છે. ઘઉં, પામ તેલ અને પેકેજિંગ મટિરિયલના ભાવ વધવાથી ફ્લ્સ્ઝ્ર્ય કંપનીઓ ભાવવધારાનો વધુ એક રાઉન્ડ લાવી રહી છે.

છેલ્લા કેટલાક સમયમાં ક્રૂડ ઓઈલ, તમામ પ્રકારના ખાદ્યતેલ અને અનાજના ભાવ વધ્યા છે. Dabur અને Parle જેવી કંપનીઓ સ્થિતિ પર નજર રાખી રહી છે અને જરૂર પડે તો ભાવવધારો કરવા તૈયાર છે. કેટલાક મીડિયા રિપોર્ટ અનુસાર HUL અને Nestle જેવી કંપનીઓએ ગયા સપ્તાહમાં ફુડ પ્રોડક્ટના ભાવ વધારી દીધા છે.

પારલે પ્રોડક્ટ્સના સિનિયર કેટેગરી હેડ મયંક શાહે જણાવ્યું કે, "અમે ઈન્ડસ્ટ્રીમાં ૧૦થી ૧૫ ટકા પ્રાઈસ વધવાની અપેક્ષા રાખીએ છીએ. ભાવમાં અત્યારે ભારે વોલેટિલિટી છે. તેથી કેટલા પ્રમાણમાં ભાવ વધશે તે કહેવું મુશ્કેલ છે. પામ ઓઈલનો ભાવ રૂ. ૧૮૦ પ્રતિ લિટર થઈ ગયો હતો જે હવે ઘટીને રૂ. ૧૫૦ પ્રતિ લિટર થયો છે. તેવી જ રીતે ક્રૂડ ઓઈલનો ભાવ પણ લગભગ

● અનુસંધાન પાન-૭ પર

# કિંજલ મિસાઈલથી યુક્રેનના ઓઈલ સ્ટોરેજને નષ્ટ કરાયાનો રશિયાનો દાવો

## મિસાઇલ કિંજલની ઝડપ અવાજ કરતા ૧૦ ગણી વધુ : રશિયાના આ દાવાથી દુનિયામાં ચિંતા વધી ગઈ છે

કિવ, તા.૨૦

રશિયા-યુક્રેન યુદ્ધનો આજે ૨૫મો દિવસ છે અને યુદ્ધ સમાપ્ત થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આવી સ્થિતિમાં રશિયાએ યુક્રેન પર હુમલો તેજ કરી દીધો છે. રશિયાએ દાવો કર્યો છે કે તેણે યુક્રેનના દક્ષિણમાં તેલના ભંડારને નષ્ટ કરીને તેની સૌથી ખતરનાક મિસાઈલ કિંજલથી ફરી એકવાર યુક્રેન પર હુમલો કર્યો છે.



રશિયાના આ દાવાથી દુનિયામાં ચિંતા વધી ગઈ છે. એવું માનવામાં આવે છે કે કિંજલ મિસાઈલ દુનિયાની સૌથી ખતરનાક મિસાઈલ છે, જે અવાજની ઝડપ કરતા ૧૦ ગણી વધુ ઝડપથી દોડીને દુશ્મનના ઠેકાણાને નષ્ટ કરી દે છે.

રશિયન સંરક્ષણ મંત્રાલયનું કહેવું છે કે તેણે ફરી એકવાર યુક્રેન પર નવી હાઈપરસોનિક મિસાઈલ કિંજલથી હુમલો કર્યો છે અને યુક્રેનના દક્ષિણમાં તેલના ભંડારનો નાશ કર્યો છે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ હાઈપરસોનિક બેલેસ્ટિક મિસાઈલે યુક્રેનના સૈન્ય ઈંધણ અને લુબ્રિકન્ટ સ્ટોરેજને મોટા પ્રમાણમાં નષ્ટ કરી દીધું છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર કિંજલ મિસાઈલને માયકોલાઈવ ક્ષેત્રના કોસ્ટ્યાન્તિનિવકામાં મોટા પ્રમાણમાં તેલના ભંડારને નષ્ટ કરવા માટે છોડવામાં આવી હતી. રશિયાએ સતત બીજા દિવસે કિંજલ મિસાઈલથી હુમલો કરવાનો દાવો કર્યો છે.

# મણિપુરમાં પુનઃ બિરેન સિંહ મુખ્યમંત્રી બનશે

નવી દિલ્હી, તા.૨૦

મણિપુરમાં ભાજપાને મળેલી પ્રચંડ જીત બાદ આગામી મુખ્યમંત્રીને લઈને ચાલી રહેલી ચર્ચાઓ પર હવે પૂર્ણ વિરામ મૂકાઈ ગયું છે. મણિપુરમાં સીએમને લઈને ચાલી રહેલ સસ્પેંસને ભાજપ હાઈકમાન્ડે ખતમ કરીને બિરેન સિંહના નામની જાહેરાત કરી દીધી છે. બીરેન સિંહ જ મણિપુરમાં ભાજપા ધારાસભ્ય દળના આગામી નેતા હશે. મણિપુરમાં બીજેપી વિધાયક દળની બેઠક બાદ એન બિરેન સિંહને ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. તમને જણાવી દઈએ કે બિરેન સિંહ સતત બીજી વખત મણિપુરની સત્તા સંભાળવા જઈ રહ્યા છે. ટૂંક સમયમાં તેઓ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. મણિપુરમાં આયોજિત બીજેપી ધારાસભ્ય દળની બેઠકમાં કેન્દ્રીય નિરીક્ષક નિર્મલા સીતારમણ અને સહ-નિરીક્ષક કિરેન રિજિજુ હાજર હતા.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે તમામની સહમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સુનિશ્ચિત કરશે કે મણિપુરમાં સ્થિર અને જવાબદાર સરકાર છે. કેન્દ્ર સરકારમાં આજે પીએમ મોદીના નેતૃત્વમાં પૂર્વોત્તર રાજ્યો પર વિશેષ ધ્યાન છે.

## ઓમિક્રોનને હળવાશમાં લેવો એ ભૂલ, કોરોના ગયો નથી

નવી દિલ્હી, તા.૨૦

દુનિયાભરમાં એકવાર ફરીથી કોરોનાના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. અનેક દેશમાં રેકોર્ડ બ્રેક કેસ નોંધાઈ રહ્યા છે. આ બધા વચ્ચે વિશ્વ આરોગ્ય સંગઠનના કોરોના વાયરસ ટેક્નિકલ પ્રમુખ મારિયા વેન કેરખોવે આ અંગે સંકળાયેલા ૩ ભ્રામક તથ્યો જણાવ્યાં છે. તેમણે કહ્યું કે આપણી પાસે કોરોના સંલગ્ન અનેક ભ્રામક જાણકારીઓ છે.

એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મારિયા વેન કેરખેવે કહ્યું કે આપણી પાસે કોરોના સંલગ્ન મોટા પાયે ભ્રામક જાણકારીઓ છે. તેમણે એવી ત્રણ ભ્રામક જાણકારીઓનો ઉલ્લેખ પણ કર્યો. તેમણે કહ્યું કે ખોટી જાણકારીઓમાં પહેલી છે કોવિડ-૧૯ મહામારી ખતમ થઈ ગઈ. બીજી ભ્રામક જાણકારી છે ઓમિક્રોન હળવો વેરિએન્ટ છે અને ત્રીજી ખોટી જાણકારી છે કે આ છેલ્લો વેરિએન્ટ હશે.

## મહાન ખેલાડી શેન વોર્નને અંતિમ વિદાય અપાઈ

નવી દિલ્હી, તા.૨૦

ક્રિકેટની દુનિયાના મહાન ખેલાડી શેન વોર્ન આજે આપણી વચ્ચે રહ્યા નથી, પરંતુ આજે તેમને છેલ્લી અંતિમ વિદાયમાં અનેક દિગ્ગજ ક્રિકેટરો રડતા જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે ક્રિકેટની દુનિયામાં સૌથી મહાન બોલર શેન વોર્નને થોડાક સમય પહેલા હાર્ટ એટેક આવવાના કારણે તેમનું મોત થયું હતું. વોર્ન માત્ર ૫૨ વર્ષના હતા.

આ દિગ્ગજ ખેલાડીને આજે એટલે કે રવિવારે મેલબોર્નમાં અંતિમ વિદાય આપવામાં આવી. વોર્નના અંતિમ સંસ્કારમાં વિશ્વભરના ક્રિકેટ ખેલાડીઓ અને પ્રશંસકો સામેલ થયા હતા. જેમાં ઘણા ખેલાડીઓ રીતસરના રડતા જોવા મળ્યા હતા.

# કાશ્મીરી પંડિતો માટે ૬૦૦૦ ઘર બનાવવા જાહેરાત થઈ હતી

## જમ્મુ-કાશ્મીરમાં માત્ર ૧૭% કામ જ પૂર્ણ થયું : કેન્દ્ર સરકારે ૩૦૦૦ સરકારી નોકરીઓની મંજુરી આપી હતી : અત્યાર સુધી ૧૭૩૯ પ્રવાસીઓને નિયુક્ત કરાયા

શ્રીનગર, તા.૨૦




કેન્દ્રીય ગૃહ મંત્રાલયના એક રિપોર્ટ મુજબ છેલ્લાં સાત વર્ષોમાં કાશ્મીરી પંડિતો માટે સૂચિત ઘરોનું માત્ર ૧૭ ટકા કામ જ પૂર્ણ થયું છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે શુક્રવારે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાની સાથે બેઠક દરમિયાન કશ્મીરી પંડિતો સહિત કાશ્મીરી પ્રવાસીઓના પુનર્લાસના વિકાસની સમીક્ષા કરી હતી. અમિત શાહ કેન્દ્રીય રિઝર્વ પોલીસ બલના ૮૩માં સ્થાપના દિવસ પરેડમાં ભાગ લેવા માટે જમ્મુ પહોંચ્યા હતા.

૨૦૧૫માં જાહેર પ્રધાનમંત્રી વિકાસ પેકેજ હેઠળ કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાં કાશ્મીરી પ્રવાસીઓ માટે ૩૦૦૦ સરકારી નોકરીઓની મંજુરી આપી હતી. અત્યાર સુધી ૧૭૩૯ પ્રવાસીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે અને ૧૦૯૮ અન્યને નોકરી માટે પસંદ કરવામાં આવ્યા છે. ૨૦૦૮માં મનમોહન સિંહ સરકારે પ્રવાસીયો માટે આવા જ રોજગાર પેકેજની જાહેરાત કરી હતી. જે હેઠળ સ્વીકૃત ૩૦૦૦ નોકરીઓમાંથી ૨૯૦૫ લોકોને નોકરી મળી હતી.

જમ્મુ અને કાશ્મીર ઓગસ્ટ ૨૦૧૯માં એક કેન્દ્ર શાસિત પ્રદેશ બની ગયો હતો. જ્યારે બંધારણના આર્ટિકલ ૩૭૦ હેઠળ વિશેષ દરજ્જો સંસદમાં ખતમ કરી દેવામાં આવ્યો હતો. ૨૦૧૫માં એ સભ્યો માટે ૬૦૦૦ ટ્રાન્જિટ આવાસની જાહેરાત થઈ હતી. જેઓને જમ્મુ-કાશમીર તંત્ર ૯૨૦ કરોડના ખર્ચે નોકરી આપવાનું હતું.

મંત્રાલાયના આંકડા મુજબઆ વર્ષે ફેબ્રુઆરી સુધી માત્ર ૧૦૨૫ આવાસનું નિર્માણ થોડુ કે પૂર્ણ રીતે થયુ છે. જ્યારે ૫૦ ટકાથી વધુ ઘરોનું કામ શરૂ થવાનું બાકી છે.

# ટાર્ગેટ પૂરો નહીં કરે તેના પર અમારી નજર રહેશે : કેજરીવાલ

## ભગવંત માન તમારા ટીમ લીડર છે, આવી સ્થિતિમાં તમામ ધારાસભ્યોએ એક થઈને મોટું લક્ષ્યાંક પૂરું કરવાનું છે

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર પંજાબમાં ચૂંટાયેલા તેમના ધારાસભ્યોને તેમના સંદેશમાં નૈતિકતાનો પાઠ ભણાવ્યો છે. તેમણે તમામ ધારાસભ્યોને એક ટીમ તરીકે કામ કરવા સલાહ આપી છે. તેમણે જણાવ્યું છે કે, ભગવંત માન તમારા ટીમ લીડર છે, આવી સ્થિતિમાં તમામ ધારાસભ્યોએ એક થઈને મોટું લક્ષ્યાંક પૂરું કરવાનું છે. જે ટાર્ગેટ પૂરો નહીં કરે તેના પર અમારી નજર રહેશે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું છે કે આઝાદીને ૭૦ વર્ષથી વધુનો સમય થઈ ગયો છે પરંતુ આજ સુધી પંજાબે જે રીતનો વિકાસ થવો જોઈતો હતો તેટલો નથી કર્યો. તેથી, પંજાબના ધારાસભ્યો પર રાજ્યની જનતાની તમામ મહત્વકાંક્ષાઓને પૂર્ણ કરવાની મોટી જવાબદારી છે. કેજરીવાલે જણાવ્યું છે કે, 'સમય ઓછો છે, તેથી દરેકે ૨૪-૨૪ કલાક કામ કરવું પડશે, જેથી જનતાને આપેલા વચનો પાળી શકાય. ભગવંત માન તમારા કેપ્ટન એટલે કે ટીમ લીડર છે, આવી સ્થિતિમાં દરેક વ્યક્તિએ પોતાનો ટાર્ગેટ પૂરો કરવો જરૂરી બનશે. કેજરીવાલે જણાવ્યું છે કે પંજાબના તમામ મંત્રીઓની પસંદગી સમજી વિચારીને કરવામાં આવી છે, આપણી પાસે ૯૨ ધારાસભ્યો છે અને મંત્રીઓ માત્ર થોડા જ બની શકે છે. એવામાં તમારે એક થઈને કામ કરવા માટે માન સાહેબને પૂરી તાકાતથી સાથ આપવાની જરૂર છે. અરવિંદ કેજરીવાલે એમ પણ જણાવ્યું છે કે ટ્રાન્સફર પોસ્ટિંગ જેવી બાબતોમાં રસ દાખવવાને બદલે તમામ ૯૨ ધારાસભ્યોએ તેમના વિસ્તારના લોકોની મુશ્કેલીઓ દૂર કરીને તેમના કામ કરાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

